એન.સી.શાહ, જીએએસ
નાયબ અધ્યક્ષ

ક્રમાંક:મઉમશબ/૨૦૧૮/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર–૧૦બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. ફેક્ષ નં.(૦૭૯) ૨૩૨૫૩૮૨૮
તા.૨૯–૦૫–૨૦૧૮.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
.બનાસકાંઠા. જિલ્લો.

**વિષય:– મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટિસશીપ યોજના**

જયભારત સાથ જણાવવાનું કે, શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટિસશીપ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેનું બ્રોશર તથા પેંફલેટ આ સાથે સામેલ છે. હાલ ધોરણ–૧૦, ૧૨ના પરિણામો આવેલ છે જે પરત્વે શાળાના લાભાર્થીઓ / વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લઈ શકે તે માટે આપના જિલ્લામાં તમામ શાળાને માહિતી પહોંચાડવા તથા જિલ્લાકક્ષાએ શ્રમ અને રોજગાર વિભાગ હેઠળની કચેરીનો સંપર્ક કરી વધુને વધુ શાળાઓને આ માહિતી મળી રહે તેવી વ્યવસ્થા કરવા વિનંતી છે.

ક્રમાંક/૨૭૪૪૯ - ૨૭૯૮૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.
તારીખ : ૦૨/૦૬/૧૮

૦૨/- નકલ રવાના ભણી તથા અમલ સારૂ.

જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ
શાળાઓ તમામ
બનાસકાંઠા.

## મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના

- ગુજરાત સરકાર દ્વારા એક લાખ યુવાનોને ઓન-જોબ કૌશલ્ય તાલીમ માટે મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના એપ્રિલ ૨૦૧૮ થી અમલમાં
- યોજનાનો મુખ્ય ઉદ્દેશ :
  - ❋ ઓન-જોબ કૌશલ્ય તાલીમ દ્વારા યુવાઓની રોજગારક્ષમતા વર્ધન
  - ❋ ઉદ્યોગોની સહભાગીતા માટે પ્રોત્સાહન

## એપ્રેન્ટિસના પ્રકારો

- ટ્રેડ એપ્રેન્ટિસ :
  - ❋ આઈ.ટી.આઈ. પાસ
  - ❋ ધો. ૮,૧૦,૧૨ પાસ
- ગ્રેજ્યુએટ / ટેકનીશ્યન એપ્રેન્ટિસ
  - ❋ એન્જી. નોન-એન્જી., ડીગ્રી / ડિપ્લોમા ધારકો
- ટેકનીશ્યન (વોકેશનલ) એપ્રેન્ટિસ
  - ❋ ધો. ૧૦+૨ ની પધ્ધતિમાં વોકેશનલ કોર્ષ પાસ ધારકો
- Optional ટ્રેડ એપ્રેન્ટિસ :
  - ❋ ધો. ૫ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા

## મુખ્ય લાભો

**ઉદ્યોગો....**

- ચૂકવેલ સ્ટાઈપેન્ડનું વળતર
- CSR હેઠળ તાલીમ ખર્ચ અંગે લાભ
- રોજગાર નિર્માણમાં યોગદાન





**યુવાનો....**

- તાલીમ દરમ્યાન સ્ટાઈપેન્ડ
- ઉદ્યોગના વાતાવરણમાં તાલીમ
- ગુણવત્તાવાળી તાલીમ
- ઈચ્છિત રોજગારીની તકો
- આંતરરાષ્ટ્રીય માન્ય સર્ટીફિકેટ

## મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના

- એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના ની અમલવારી એપ્રેન્ટિસ અધિનિયમ ૧૯૬૧ અનુસાર
- એકમના કુલ કર્મચારીઓ(કોન્ટ્રાક્ચ્યુઅલ સહિત)ના ૨.૫% થી ૧૦% ની મર્યાદામાં એપ્રેન્ટિસ ભરતીની જોગવાઇ

| | |
|---|---|
| ૬ થી તેથી વધુ પરંતુ ૪૦થી ઓછા કર્મચારી ધરાવતા કોઈપણ એકમ માટે એપ્રેન્ટિસ ભરતી » | મરજીયાત |
| ૪૦ થી વધુ કર્મચારી ધરાવતા મેન્યુફેકચરીંગ કે સર્વિસ (તમામ) એકમ માટે » | ફરજીયાત ૨.૫% થી ૧૦% |

### સરકારશ્રી દ્વારા પ્રતિ એપ્રેન્ટિસ પ્રતિ માસ પ્રોત્સાહન

એપ્રેન્ટિસની શૈક્ષણિક લાયકાત અનુસાર પ્રતિ માસ રૂા. ૩૦૦૦/- થી રૂા. ૪૫૦૦/- સુધીનું પ્રોત્સાહન

## મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના

**એપ્રેન્ટિસ પાસેથી કોઇ પણ પ્રકારની તાલીમી ફી લેવામાં આવતી નથી.**

### ઈન્ડસ્ટ્રી દ્વારા ચૂકવવામાં આવતું સ્ટાઈપેન્ડ

- ટ્રેડ એપ્રેન્ટિસ :
  તાલીમની સાથોસાથ એપ્રેન્ટિસોને એકમ દ્વારા હાલના પ્રવર્તમાન નિયમો મુજબ નીચે મુજબની લઘુત્તમ વૃત્તિકા(સ્ટાઈપેન્ડ) તરીકે આપવામાં આવે છે. અર્ધકુશળ કારીગરોને આપવામાં આવતા લઘુત્તમ વેતન દરના :- પ્રથમ વર્ષ - ૭૦ ટકા; બીજુ વર્ષ - ૮૦ ટકા અને તૃતીય વર્ષ - ૯૦ ટકા
- ગ્રેજ્યુએટ એપ્રેન્ટિસ - રૂા. ૪૯૮૪/- દર મહિને
- ટેકનીશ્યન એપ્રેન્ટિસ - રૂા. ૩૫૪૨/- દર મહિને

આમ છતાં એકમ સ્વેચ્છાએ ઉપરોક્ત રકમ કરતા પણ વધુ રકમની વૃત્તિકા(સ્ટાઈપેન્ડ) આપી શકે છે.

### અન્ય બાબતો

- ન્યૂનતમ ઉંમર - ૧૪-વર્ષ
- સમયગાળો - ૩ થી ૨૪ મહિના
- ગ્રેજ્યુએટ અને ટેકનીકલ ઉમેદવારો માટે બેઝીક તાલીમ જરૂરી નથી
- મુલ્યાંકન અને પ્રમાણપત્ર All India Trade Tests (AITT) દ્વારા

### અભ્યાસક્રમો

- ૨૬૨ અભ્યાસક્રમો - ટ્રેડ એપ્રેન્ટિસ માટે
- ૧૬૨ અભ્યાસક્રમો - ગ્રેજ્યુએટ અને ટેકનીશ્યન માટે
- ૧૩૭ અભ્યાસક્રમો - ટેકનીશ્યન (વોકેશનલ) માટે
- ૮૦ અભ્યાસક્રમો - ઓપ્શનલ ટ્રેડ માટે
  (Designed by Employers & PMKVY/MES-SDI)

### ધારા(Act) ના અમલીકરણ માટે જવાબદાર મંત્રાલયો

ટ્રેડ એપ્રેન્ટિસ અને ટેકનીશ્યન (વ્યવસાયિક) એપ્રેન્ટિસનું મોનીટરીંગ કૌશલ્ય વિકાસ અને ઉધમશીલતા મંત્રાલય (MSDE), ભારત સરકાર દ્વારા થાય છે.

ગ્રેજ્યુએટ અને ટેકનીશ્યન એપ્રેન્ટિસનું મોનીટરીંગ માનવ સંશાધન વિકાસ મંત્રાલય (MHRD), ભારત સરકાર દ્વારા થાય છે.

## મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના

### ભરતી સમયગાળો

- એકમ ખાતે એપ્રેન્ટિસની ભરતી – સમગ્ર વર્ષ દરમ્યાન થાય છે.
- સમયગાળો – ૦૬ માસથી ૦૨ વર્ષ સુધીનો ટ્રેડ મુજબ અલગ અલગ હોય છે.

### પ્રવેશ પ્રક્રિયા

- એપ્રેન્ટિસશીપ તાલીમમાં જોડાવવા માટે વેબ પોર્ટલ www.apprenticeshipindia.org પર રજીસ્ટ્રેશન કરવાનું રહે છે. જે માટે E-mail એકાઉન્ટ જરૂરી છે.
- ITI ખાતે ઓફલાઈન રજીસ્ટ્રેશન કરવાની વ્યવસ્થા ઉપલબ્ધ
- ગુજરાત સરકારના પોર્ટલ પર પણ રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

### આવશ્યક દસ્તાવેજો

- શૈક્ષણિક લાયકાતના પ્રમાણ પત્રોની નકલ
- શાળા છોડ્યાના પ્રમાણ પત્રની નકલ
- આધાર કાર્ડની નકલ
- પાસપોર્ટ સાઈઝ નો ફોટો
- આધાર એનેબલ બેન્ક એકાઉન્ટ નંબર અને પાસબુકની ઝેરોક્ષ

### પરીક્ષા પ્રમાણપત્ર

- તાલીમનો નિયત સમય પૂર્ણ થયા બાદ વ્યવસાયિક ધંધાની તાલીમ માટેની રાષ્ટ્રીય કાઉન્સીલ તરફથી વર્ષમાં બે વાર એપ્રિલ અને ઓક્ટોબર અંતિત અખિલ ભારતીય વ્યવસાય કસોટી યોજાવામાં આવે છે.
- સફળ થયેલા એપ્રેન્ટિસોને જે તે વ્યવસાયનું રાષ્ટ્રીય પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ પ્રમાણપત્ર વૈશ્વિક માન્યતા ધરાવે છે.



## મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના

### એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના મુખ્યત્વે નીચે મુજબના ઉદ્દેશ અને હેતુ

- અભ્યાસ અધૂરો છોડેલ ઉમેદવારો/ આઈ.ટી.આઈ./ ડીપ્લોમા/ ડીગ્રી પાસ ઉમેદવારોને ખાનગી કે જાહેર ક્ષેત્રના ઉત્પાદન/ સેવાકીય એકમો ખાતે On Job Training.
- જુદા જુદા વ્યવસાયોમાં ઔદ્યોગિક/ સેવાકીય એકમોના સહકારથી સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક તાલીમ આપી ઉત્પાદન/ સેવાકીય એકમો માટેનું કુશળ માનવબળ ઉભુ કરવું.

### તાલીમનું માળખું

એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના અંતર્ગત એપ્રેન્ટિસોને...
(૧) બેઝિક તાલીમ અને (૨) ઓન જોબ તાલીમ લેવાની રહે છે.

| બેઝિક તાલીમ | બેઝિક તાલીમમાંની જરૂરિયાત અને સમયગાળો |
|---|---|
| આઈ.ટી.આઈ./એન્જીનિયરીંગ કે ટેક્નોલોજીમાં ડીપ્લોમા/ ડીગ્રી ધરાવનારને | મુક્તિ છે |
| ઓપ્શનલ ટ્રેડમાં એપ્રેન્ટિસ તરીકે જોડાનાર સ્નાતકને | મુક્તિ છે |
| Pradhan Mantri Kaushalya Vikas Yojana (PMKVY)/Modular Employability Scheme (MES) પાસ થયેલ ઉમેદવારો | તેઓના સંલગ્ન ટ્રેડમાં બેઝિક તાલીમ લેવાની આવશ્યકતા રહેતી નથી |
| અન્ય ઉમેદવારો માટે<br>૧.....૦૧ વર્ષના સમયગાળા માટે<br>૨.....૦૨ વર્ષના સમયગાળા માટે | ૧.....03 મહિનાના સમયગાળા માટે<br>૨.....૦૬ મહિનાના સમયગાળા માટે |

જે તે વ્યવસાયની બેઝિક તાલીમ દરમ્યાન જરૂરી સાધન સામગ્રી/હાથ ઓજારો તેમજ મશીનરીના ઉપયોગને લગતી પાયાની તાલીમ આપવામાં આવે છે. સેવાકીય ટ્રેડ માટે જે તે ટ્રેડનું પ્રારંભિક જ્ઞાન આપવામાં આવે છે.

**ઓન જોબ (શોપ ફ્લોર) તાલીમ**

બેઝિક તાલીમ પૂર્ણ કર્યા બાદ એપ્રેન્ટિસોએ જે તે એકમ ખાતે શોપ ફ્લોર એટલે કે પ્રેક્ટીકલ તાલીમ મેળવવાની રહે છે.

www.kamvath.com

**Toll Free : 1800-258-5588**

**Log on : www.apprenticeshipindia.org**

કોઈપણ ઉમેદવારો કે જેઓ એપ્રેન્ટિસ તરીકે જોડાવા ઇચ્છતા હોય, તેઓએ નજીકની આઈ.ટી.આઈ. / જીલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરી જરૂરી માર્ગદર્શન મેળવી શકે છે.

કૌશલમ્ બલમ્

Skill India
कौशल भारत-कुशल भारत

"ગુજરાતની હરણફાળ : એક લાખ યુવા બનશે કૌશલ્યવાન"



# મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના



**શ્રમ અને રોજગાર વિભાગ**

**નિયામકશ્રી, રોજગાર અને તાલીમ**

ગુજરાત સરકાર



कौशलम् बलम्

सत्यमेव जयते
ગુજરાત સરકાર

Skill India
कौशल भारत-कुशल भारत



## શ્રમ અને રોજગાર વિભાગ

**નિયામકશ્રી, રોજગાર અને તાલીમ**

ગુજરાત સરકાર

# મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના

## પ્રવેશ માટેની લાયકાત

### વયમર્યાદા

- ૧૪ વર્ષથી ઉપરની ઉંમર ધરાવતા ઉમેદવારો એપ્રેન્ટિસશીપ તાલીમ યોજનામાં જોડાઇ શકે છે.
- જોખમી પ્રકારના ઉદ્યોગોમાં ઓછામાં ઓછી ઉંમર ૧૮ વર્ષની રહેશે.

### શૈક્ષણિક લાયકાત

- વિવિધ શૈક્ષણિક લાયકાત જુદા જુદા વ્યવસાયો (ટ્રેડ) માટે જુદી જુદી હોય છે.
- ઓપ્શનલ વ્યવસાયોમાં લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૫ પાસથી વધુ લાયકાત ધરાવતા કોઇપણ ઉમેદવાર આ યોજના હેઠળ નિયત વ્યવસાયોમાં (ટ્રેડ)માં તાલીમ મેળવી શકે છે.
- ઉત્પાદન/સેવાકીય એકમો પોતાના એકમ ખાતે જરૂરીયાત મુજબના વ્યવસાયોમાં ઉમેદવારને એપ્રેન્ટિસ તરીકે રાખી શકે છે.

## એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના મુખ્યત્વે નીચે મુજબના ઉદ્દેશ અને હેતુ

- શાળા છોડી ગયેલા ઉમેદવારો/ આઇ.ટી.આઇ./ડીપ્લોમા/ ડીગ્રી પાસ ઉમેદવારોને ખાનગી કે જાહેર ક્ષેત્રના ઉત્પાદન/ સેવાકીય એકમો ખાતે On Job Training.
- જુદા જુદા વ્યવસાયોમાં ઔદ્યોગિક/ સેવાકીય એકમોના સહકારથી સૈધ્ધાંતિક તેમજ પ્રાયોગિક તાલીમ આપી ઉત્પાદન/ સેવાકીય એકમો માટેનું કુશળ માનવબળ ઉભુ કરવું.

## પ્રવેશ પ્રક્રિયા

- એપ્રેન્ટિસશીપ તાલીમમાં જોડાવવા માટે વેબ પોર્ટલ www.apprenticeshipindia.org પર રજીસ્ટ્રેશન કરવાનું રહે છે. જે માટે E-mail એકાઉન્ટ જરૂરી છે.
- ITI ખાતે ઓફલાઇન રજીસ્ટ્રેશન કરવાની વ્યવસ્થા ઉપલબ્ધ
- ગુજરાત સરકારના પોર્ટલ http://www.matsgujarat.org પર પણ રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## આવશ્યક દસ્તાવેજો

- શૈક્ષણિક લાયકાતના પ્રમાણ પત્રોની નકલ
- શાળા છોડ્યાના પ્રમાણ પત્રની નકલ
- આધાર કાર્ડની નકલ
- પાસપોર્ટ સાઇઝ નો ફોટો
- આધાર એનેબલ બેન્ક એકાઉન્ટ નંબર અને પાસબુકની ઝેરોક્ષ

## સરકારશ્રી દ્વારા પ્રોત્સાહન

- **સરકારશ્રી દ્વારા એપ્રેન્ટિસની શૈક્ષણિક લાયકાત અનુસાર પ્રતિ માસ રૂા. ૩૦૦૦/- થી રૂા. ૪૫૦૦/- સુધીનું પ્રોત્સાહન**

## એપ્રેન્ટિસને મળવાપાત્ર વૃત્તિકા (સ્ટાઇપેન્ડ)

- એપ્રેન્ટિસ પાસેથી કોઇ પણ પ્રકારની તાલીમી ફી લેવામાં આવતી નથી.
- તાલીમની સાથો સાથ એપ્રેન્ટિસોને એકમ દ્વારા હાલના પ્રવર્તમાન નિયમો મુજબ નીચે મુજબની લઘુત્તમ વૃત્તિકા (સ્ટાઇપેન્ડ) તરીકે આપવામાં આવે છે. અર્ધકુશળ કારીગરોને આપવામાં આવતા લઘુત્તમ વેતન દરના :- **પ્રથમ વર્ષ - ૭૦ ટકા**; **બીજુ વર્ષ - ૮૦ ટકા** અને **તૃતીય વર્ષ - ૯૦ ટકા**
- આમ છતા એકમ સ્વેચ્છાએ ઉપરોકત રકમ કરતા પણ વધુ રકમની વૃત્તિકા (સ્ટાઇપેન્ડ) આપી શકે છે.

એકમો અને ઉમેદવારોએ નીચે દર્શાવેલ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવું.

**"મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના"**

**www.matsgujarat.org**

આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરતા પહેલાં ટ્રેડ એપ્રેન્ટિસ માટે www.apprenticeshipindia.org તથા ગ્રેજ્યુએટ એન્જીનીયર્સ અને ડીપ્લોમા ટેકનિશિયન માટે www.mhrdnats.gov.in પર રજીસ્ટ્રેશન કરવું જરૂરી છે.

कौशलम् बलम्

सत्यमेव जयते
ગુજરાત સરકાર

Skill India
कौशल भारत-कुशल भारत

## ભરતી સમયગાળો

- એકમ ખાતે એપ્રેન્ટિસની ભરતી – સમગ્ર વર્ષ દરમ્યાન થાય છે.
- સમયગાળો – ૦૬ માસથી ૦૨ વર્ષ સુધીનો ટ્રેડ મુજબ અલગ અલગ હોય છે.

## તાલીમનું માળખું

એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના અંતર્ગત એપ્રેન્ટિસોને...
(૧) બેઝિક તાલીમ અને (૨) ઓન જોબ તાલીમ લેવાની રહે છે.

| બેઝિક તાલીમ | બેઝિક તાલીમમાંની જરૂરિયાત અને સમયગાળો |
|---|---|
| આઇ.ટી.આઇ./એન્જીનિયરીંગ કે ટેકનોલોજીમાં ડીપ્લોમા/ ડીગ્રી ધરાવનારને | મુકિત છે |
| ઓપ્શનલ ટ્રેડમાં એપ્રેન્ટિસ તરીકે જોડાનાર સ્નાતકમાં | મુકિત છે |
| Pradhan Mantri Kaushalya Vikas Yojana(PMKVY)/ Modular Employability Scheme (MES) પાસ થયેલ ઉમેદવારો | તેઓના સંલગ્ન ટ્રેડમાં બેઝિક તાલીમ લેવાની આવશ્યકતા રહેતી નથી |
| અન્ય ઉમેદવારો માટે<br>૧.....૦૧ વર્ષના સમયગાળા માટે<br>૨.....૦૨ વર્ષના સમયગાળા માટે | ૧.....૦૩ મહિનાના સમયગાળા માટે<br>૨.....૦૬ મહિનાના સમયગાળા માટે |

જે તે વ્યવસાયની બેઝિક તાલીમ દરમ્યાન જરૂરી સાધન સામગ્રી/હાથ ઓજારો તેમજ મશીનરીના ઉપયોગને લગતી પાયાની તાલીમ આપવામાં આવે છે. સેવાકીય ટ્રેડ માટે જે તે ટ્રેડનું પ્રારંભિક જ્ઞાન આપવામાં આવે છે.

**ઓન જોબ (શોપ ફ્લોર) તાલીમ**

બેઝિક તાલીમ પૂર્ણ કર્યા બાદ એપ્રેન્ટિસોએ જે તે એકમ ખાતે શોપ ફ્લોર એટલે કે પ્રેક્ટીકલ તાલીમ મેળવવાની રહે છે.

## પરીક્ષા પ્રમાણપત્ર

- તાલીમનો નિયત સમય પૂર્ણ થયા બાદ વ્યવસાયિક ધંધાની તાલીમ માટેની રાષ્ટ્રીય કાઉન્સીલ તરફથી વર્ષમાં બે વાર એપ્રિલ અને ઓકટોબર અંતિત અખિલ ભારતીય વ્યવસાય કસોટી યોજાવામાં આવે છે.
- સફળ થયેલા એપ્રેન્ટિસોને જે તે વ્યવસાયનું રાષ્ટ્રીય પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ પ્રમાણપત્ર વૈશ્વિક માન્યતા ધરાવે છે.

સંપર્કઃ–

- કોઇપણ ઉમેદવારો કે જેઓ એપ્રેન્ટિસ તરીકે જોડાવા ઇચ્છતા હોય, તેઓએ નજીકની આઇ.ટી.આઇ. / જીલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરી જરૂરી માર્ગદર્શન મેળવી શકે છે.
- વધારે માહીતી માટે સંપર્ક કરો :– કોલ સેન્ટરનો નંબર **૧૮૦૦-૨૫૮-૫૫૮૮**
- તેમજ વેબ સાઇટ – ૧. www.apprenticeshipindia.org ૨. http://www.matsgujarat.org
- ગ્રેજ્યુએટ તેમજ ડિપ્લોમા એપ્રેન્ટિસનું રજિસ્ટ્રેશન www.mhrdnats.gov.in વેબસાઇટ પર થઈ શકશે.

